# નવસારીમાં પૂર બાદ યુદ્ધના ધોરણે સફાઇ અભિયાન

**નવસારી-વિજલપોર** નગરપાલિકા દ્વારા વિવિધ શેરી, રોડ રસ્તા, ગટરની સફાઇ સહિત દવા છંટકાવની કામગીરી કરવામાં આવી

**293 કર્મચારીઓ**, 5 જેસીબી દ્વારા સાફસફાઇ કરી 1685 કિલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો




## નવસારી જિલ્લામાં વરસાદ ધીમો પડતા રસ્તા રીપેરીંગના કામ શરૂ કર્યા

નવસારી : નવસારી જિલ્લામાં વરસાદ અને પુરના કારણે જિલ્લાના ઘણા રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં હતા. જોકે નદીઓમાં પાણીના સ્તર ઘટતા રસ્તાઓ પર ફરી વળેલા પુરના પાણી ઓસરી ગયા હતા. પરંતુ પુરના પાણીને કારણે રસ્તાઓને ભારે નુકશાન થયું હતું. કોઝવે ઓવર ટેપ થવાથી જિલ્લામાં આજદિન સુધી કુલ 120 જેટલા રસ્તાઓ અવરજવર માટે બંધ થયા હતા. જોકે ગઇકાલથી વરસાદ ઓછો થતા તથા પુરના પાણી ઓસરતા રસ્તાઓનું મરામત કરી રસ્તાઓ શરૂ કરાવી દીધા છે. આજરોજ ગણદેવી તાલુકામાં વરસાદનાં વિરામ સાથે માર્ગ મકાન વિભાગ પંચાયત દ્વારા રસ્તા અને પુલોને થયેલ નુકસાનીની મરામત કામગીરી તાત્કાલીક ધોરણે હાથ ધરાઈ હતી.

### આ વિસ્તારોમાં યુદ્ધના ધોરણે થઇ રહી છે કામગીરી

નવસારી રેલવે સ્ટેશનના પશ્ચિમે રાયચંદ રોડ પર શાહ ડેરીથી તાસ્કંદ નગર સંપૂર્ણ વિસ્તાર, લીમડા ચોકથી તાસ્કંદ નગર, દાબુના ટેકરાથી શાંતાદેવી રોડ, રૂબી કોમ્પલેક્સ વાળો ભાગ, સાકળ ચંદ, જન કલ્યાણ-રામ 9 નગર, દિવ્ય વસુંધરા વિસ્તાર, કિનારા એપાર્ટમેન્ટ રોડ, ઠક્કરબાપા વાસ, રીંગ રોડ વિરાવળથી રંગૂન નગર, હિદાયત નગર, ગધેવાન, જૂનાથાણા ખાડા વિસ્તાર, દશેરા ટેકરી, બાલાપીર દરગાહ, રેલ રાહત કોલોની, ભેસતખાડા સંપૂર્ણ વિસ્તાર શહેરના તમામ મુખ્ય માર્ગો ઓપન સ્પોટ સફાઇ, કાછિયાવાડી, દેસાઇવાડ, તાસ્કદ નગર, શાંતાદેવી ચોકથી નવા આવાસમાં દવા છંટકાવ કર્યો હતો.

નવસારી : નવસારી-વિજલપોર નગરપાલિકામાં વરસાદના વિરામ બાદ તાત્કાલિક ધોરણે ભરાયેલા પાણીનો નિકાલ થાય તે માટે રોડ રસ્તા ગરનાળા સહિતના વિસ્તારોમાં યોગ્ય સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. લોકોના આરોગ્ય માટે શેરીઓ તેમજ રસ્તાઓ પર સાફ-સફાઈ અને દવા છંટકાવ સહિતની કામગીરી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

આજે નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા જાળવવા માટે નગરપાલિકા અને આરોગ્ય વિભાગની વિવિધ ટીમોની રચના કરી સાફસફાઇ અને દવા છંટાકાવ કરવાની કામગીરી કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા રોડ રસ્તાઓ પર ફેલાયેલા ગંદકીના પડ દૂર કરી રસ્તાને ચોખ્ખા કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત આરોગ્યની ટીમ દ્વારા રસ્તા પર દવા છંટકાવ તેમજ ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. ટીમ દ્વારા વધુ અસરગ્રસ્ત વિસ્તારોને પ્રાથમિકતા આપી કામગીરી કરવામાં આવી રહી છે. શક્ય હોય તેટલી ઝડપે તમામ વિસ્તારોમાં સાફ-સફાઈ સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં દરબાર વેસ્ટ કોર્પોરેશન (એજન્સી), રામ લક્ષ્મણ કોન્ટ્રાકટર (એજન્સી), વિજલપોર વિભાગ, અન્ય આઉટ સોર્સ, નગરપાલિકા આરોગ્ય શાખા, નગરપાલિકા માયનોર શાખા અને મેલેરિયા વિભાગ દ્વારા નવસારી જિલ્લા તંત્રના સંકલનમાં રહી કામગીરી કરવામાં આવી છે. જેમાં 293 કર્મચારીઓ, 5 જેસીબી દ્વારા સાફસફાઇ કરી 1685 કિલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.

## ધરમપુરના મોટી ઢોલડુંગરી ગામમાં બે દીપડા માર્ગ ઉપર લટાર મારતાં દેખાયા


આસીફ શેખ

■ ધરમપુર : ધરમપુર તાલુકાના મોટી ઢોલ ડુગરી ગામે ગતરોજ રાત્રિના સુમારે દીપડો લટાર મારતાં દેખાતા જેનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. બાદમાં તાલુકા પંચાયતનાં સભ્ય કલપેશ પટેલે વન વિભાગનાં અધિકારી આરએફઓ હિરેન પટેલને બે દીપડા ગામમાં ફરતાં હોવાની રજુઆત કરી હતી અને તાત્કાલિક પાંજરૂ મૂકવાની માંગ કરતાં વન વિભાગનાં અધિકારીએ પાંજરૂ ગોઠવી દીપડાને પકડવા માટે તજવીજ હાથ ધરી હતી.

# રોગચાળાને અટકાવવા વલસાડ જિલ્લા આરોગ્ય તંત્રની 581 ટીમ કાર્યરત

**અતિભારે** વરસાદ બાદ વાહકજન્ય રોગો તેમજ પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવાની સંભાવના

**આરોગ્ય** વિભાગે એડવાઇઝરી જાહેર કરી લોકોને પાણીજન્ય રોગથી બચવા માટે તકેદારીનાં પગલા લેવા અનુરોધ કર્યો



વલસાડ : વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ બાદ ઉઘાડ નીકળતા વાહકજન્ય રોગો તેમજ પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવાની સંભાવના હોવાથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એડવાઈઝરી જાહેર કરી લોકોને વાહક જન્ય અને પાણીજન્ય રોગથી બચવા માટે તકેદારીનાં પગલા લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### શું કરવું જરૂરી

ઘરની આજુબાજુમાં નકામી વસ્તુઓ કે જેમાં પાણીનો સંગ્રહ થઇ શકે એવા /સ્થળો નાબુદ કરવા, ઘરની અંદર ફ્રીજની ટ્રે, ફુલદાની, ફુવારા, એર-કુલર તથા પાણી સંગ્રહના ડ્રમ-પીપડા, વાસણો વિગેરેમાં પાણી સંગ્રહ ન થાય તે ધ્યાન રાખવું. જો પાણીનો સંગ્રહ ફરજીયાત કરવો પડે એવું હોય તો પાત્રના ઢાંકણો હવા ચુસ્ત રાખવા. ઘરની બહાર નકામો કચરો, ટાયરો, પક્ષીકુંજ, હવાડાઓ, જીવદયા પાત્રો, જુનો ભંગાર તેમજ પાણીનો ભરાવો થાય તેવા સાધનો હટાવી દેવા.

આરોગ્ય વિભાગની 581 જેટલી ટીમ વાહકજન્ય અને પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે કામ કરી રહી છે.

## ‘બા’ તમે ગરીબ જેવા દેખાવા જોઈએ, તો જ પૈસા મળશે’ કહી મહિલા વૃધ્ધાના ૨.૭૫ લાખના દાગીના ઉતરાવી ગઇ

**ચીખલીમાં** ૧૦,૦૦૦ ની આર્થિક સહાય મેળવવાની લાલચમાં વૃધ્ધાને રૂપિયા ૨.૭૫ લાખના દાગીના ખોવાની નોબત આવી, મહિલાની ધરપકડ

ઘેજ : નવસારીની વૃધ્ધાને આર્થિક સહાય અપાવવાના બહાને ચીખલી લાવી બા તમે ગરીબ જેવા દેખાવા જોઈએ તો જ તમને પૈસા મળશે જણાવી સોનાના પાટલા અને વીંટી સહિતની રૂપિયા ૨.૭૫ લાખની કિંમતના દાગીના ઉતરાવી ફરાર થઇ જનાર મહિલાની પોલીસે ધરપકડ કરી હતી.

ફરિયાદી ગૌતમ પરીખ (રહે.રાજહંસ કોલર ફ્લેટ, લુન્સીકુઇ નવસારી) ની માતા પ્રીતિબેન દડંગરવાડ ટેકરા વૈકુંઠ સોસાયટી ખાતે રહે છે. તેઓ મંદિરે દર્શન કરી ઘરે પરત આવી રહ્યા હતા. તે દરમ્યાન એક મહિલાએ પોતાનું નામ અલ્પા હોવાની ઓળખ આપી બા તમે વૃધ્ધ છો જેથી હું તમને રૂપિયા ૧૦,૦૦૦ અપાવીશ કહી રિક્ષામાં બેસાડી ચીખલી બસ સ્ટેન્ડ પર લાવી બા તમે ગરીબ જેવા દેખાવા જોઈએ તો જ તમને પૈસા મળશે. તેવું કહી બસ સ્ટેન્ડના બાથરૂમમાં લઈ જઇ બે સોનાના પાટલા, ચાર સોનાની વીંટી સહિત રૂપિયા ૨,૭૫,૦૦૦ ના દાગીના ઉતરાવી તેના પાકિટમાં મૂકી મહિલા ફરાર થઇ ગઇ હતી.

ઉપરોક્ત હકીકત મુજબના બનાવમાં પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ પીએસઆઇ-સમીરભાઈ કડીવાલાએ હાથ ધરી હતી. નવસારીની વૃધ્ધા સાથે છેતરપિંડી કરનાર મહિલા સઇદાબીબી ફિરોજખાન પઠાણ (ઉ.૩૭) (રહે.દાગજીપુરા ઠાકોરવાસ તા.ઉમરેઠ જી.આણંદ) ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## દહેજમાં રૂપિયા 5 લાખ લઈને આવ, નહીં તો બારીમાંથી નીચે બહાર ફેંકી દઈશું

**વાપીમાં** વધુ એક દહેજનો મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો, દહેજ ભૂખ્યા સાસરિયાઓ સામે પરિણીતાની પોલીસ ફરિયાદ

વાપી : વાપીના કંચનનગર, મરીયમ ચાલ વિસ્તારમાં રહેતા એક પરિવારે પોતાના દીકરાની વહુને વારંવાર માર મારી, દહેજની માંગણી કરી રૂપિયા 5 લાખ લઈને આવ, નહિંતર બારીમાંથી નીચે ફેંકી દેવાની ધમકી આપતા વહુએ વાપી ટાઉન પોલીસના દ્વાર ખટખટાવ્યા છે. પોલીસે સાસરિયા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપીના કંચનનગર, મરિયમ ચાલ, હારૂન ટેલરની પાછળ રહેતો ચાંદઅલી પઠાણ, તેની પત્નિ શાહજહાં ચાંદઅલી, દિકરો મોહંમદ ઈસરાર અને સારીક ચાંદઅલી ગત તા. 16-05-23થી તા.27-06-24 દરમિયાન તેમના દીકરા મોહંમદ ઈસરાર ચાંદઅલીની પત્ની રૂકસાર બાનુને ગુલનો નશો કરે છે, તેમ કહી તેની સાથે અવાર નવાર ઝઘડો કરી ઢીક્કા મુક્કીનો માર મારતા હતા. દહેજમાં રૂપિયા 5 લાખ નહીં લાવી આપે તો, તને અહીં રાખીશું નહિં, અને તને બારીમાંથી નીચે ફેંકી દઈશું, તેમ કહી દહેજની માંગણી કરી સાસુ, સસરા, પતિ અને દિયરે પરિણીતાને ઢીક્કામુક્કીનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉપરાંત ફરિયાદી પરિણીતા અને તેના પિતાને અવાર નવાર ગાળો આપતા છેવટે પરિણીતાએ રૂકસાર બાનુ મોહંમદ ઈસરાર ચાંદઅલીએ સસરા ચાંદઅલી પઠાણ, સાસુ શાહજહાં ચાંદઅલી, પતિ મોહંમદ ઈસરાર અને દિયર સારીક ચાંદઅલી વિરૂધ્ધ વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાંસદામાં 1 ઈંચ અને અન્ય તાલુકામાં ઝાપટા

નવસારી : નવસારી જિલ્લામાં હાલ વરસાદનું જોર ઘટી ગયું છે. જેથી જિલ્લામાં માત્ર વરસાદી ઝાપટા જ પડી રહ્યા છે. વાંસદા તાલુકામાં 1 ઈંચ વરસાદ નોંધાયો હતો. મંગળવારે 24 કલાકમાં, વાંસદામાં 1.2 ઈંચ, ગણદેવીમાં 11 મી.મી. અને ચીખલીમાં 3 મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે નવસારી, જલાલપોર અને ખેરગામ સૂકા રહ્યા હતા.


**તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રોજ પ્રસિધ્ધ થયેલ વેચાણ અંગેની જાહેર નોટીસ રદ કરવા બાબત**

નવસારી ડીસ્ટ્રીકટ, તા. જલાલપોરના મોજે ગામ છીણમ ખાતે આવેલ ખેતીની જમીન (જુ.શ.) જેનો બ્લોક/સર્વે નં. ૩૩૦ (જુનો), ખાતા નં. ૩૯૮ ના બ્લોક/સર્વે નં. ૪૭૦ (નવો) તે નોંધાયેલી ખેતી લાયક ઉપયોગ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ચો.મી. ૧-૧૮-૭૯ કે જેનો આકાર રૂા. ૧૪.૬૦ પૈસા વાળી મિલકત ડાહયાભાઈ મણીભાઈ પટેલના સ્વતંત્ર નામે ચાલી અવોલ છે. તે જુની શરતની ખેતીની જમીનની તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રોજ ગુજરાત મિત્ર દૈનિક પેપરમાં તેમના વકીલશ્રી ડીમ્પલ સી. ગાંધી મારફતે વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ. તે જમીન બાબતે સદર જમીનના માલિક સાથે બાના પેટેની રકમનો વ્યવહાર થયેલ. ત્યારબાદ મુદતમાં જણાવ્યા મુજબ સોદામાં નકકી થયેલ રકમ ના ચુકવાતા સદરહું સોદા કેન્સલ કરવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. તે આજરોજથી કેન્સલ કરીએ છીએ. અને બ્યાના પેટે આપેલ રકમ પરત કરીએ છીએ તથા સદર તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રોજ ગુજરાત મીત્ર પેપરમાં જે જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે તે તાત્કાલિક અસરથી રદ કરવા તેમજ જાહેર જનતાના હિત માટે સદર નોટીસ પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે. તા.૦૪/૦૯/૨૦૨૪,

**નટવરલાલ એચ. પટેલ - એડવોકેટ એન્ડ નોટરી**
રહે. જી.એલ.એ. ૧, તુલસીવન સોસાયટી, છાપરા રોડ, નવસારી. મો. ૯૮૨૫૫ ૪૨૫૦૪

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ચીખલી**

આથી રસ ધરાવતા સરકાર માન્ય કોન્ટ્રાકટરોને જણાવવાનુ કે શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ચીખલી ધ્વારા પોતાની ખૂલ્લી જગ્યામાં પેવર બ્લોકનુ કામ કરવાનું છે તો આપના લેટર હેડ પર (૧) એક બ્રાસ પેવર બ્લોક (60mm) (૨) એક બ્રાસ બેસાડવાની મજુરી વાટા સાથે તથા (૩) એક બ્રાસ મમરી પાઉડરના ભાવો સાથે નોંધણીની નકલ, જી.એસ.ટી. નંબર, પાનકાર્ડની નકલ, જોડવાની રહેશે ઉપરોકત જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૭/૦૯/૨૦૨૪ સુધીમાં આર.પી.એ.ડી. થી અત્રેની કચેરીએ પહોચાડવાના રહેશે. ભાવ પત્રકો મંજુર કરવા કે નહી તે તમામ સત્તા એ.પી.એમ.સી.ના વહીવટકર્તાઓની રહેશે.

ચેરમેન શ્રી,
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ
તા.ચીખલી, જી.નવસારી

HAPPY Birthday



MRS. SANDRA R. SHROFF

HAPPY TEACHER'S DAY

God understood our thirst for Knowledge,
And Our Need To Be Led By someone wiser;
He needed a heart of compassion,
Of encouragement, and patience;
Someone who would accept
The Challenge Regardless Of The Opposition;
Someone who could see potential
And believe in the best in others ...
So he made teachers



This Teacher's Day
deepen the bond of knowledge
with your mentor!

SMT. SANDRABEN SHROFF
GNYAN DHAM SCHOOL
(Affiliated to CBSE, New Delhi)
CBSE Affiliation No. 430014 • CBSE School Code : 03090
G.I.D.C., VAPI 396 195, DIST. VALSAD (GUJARAT) • TEL.: +91 260 2991947, 99099 95853
• E-mail : info@srsgnyandham.org • www.srsgnyandham.org

Happy Teachers' Day!
To our Teachers,



On this special day, we celebrate your unwavering commitment to education and your invaluable contributions to our school community.
Thank you for your dedication and inspiration. We appreciate all you do.

Saraswati International School
Abrama Valsad.